રાજ્યવ્યાપી સુજલામ-સુફલામ જળ અભિયાનના ૬ઠ્ઠા ચરણનો ખોરજથી મુખ્યમંત્રી પ્રારંભ કરાવશે

તા.૧૭ ફેબ્રુઆરીથી ૩૧ મે-૨૦૨૩ સુધી ૧૦૪ દિવસ જળ સંચય-જળ સંગ્રહ ક્ષમતા વૃદ્ધિનું સુજલામ-સુફલામ જળ અભિયાન

ગાંધીનગર, તા.૧૬

રાજ્યમાં ભૂર્ગભ જળસ્તર ઊંચા લાવવાના હેતુથી વરસાદી પાણીના મહત્તામ સંગ્રહ માટેના મહત્વપૂર્ણ અભિયાન સુજલામ સુફલામ જળ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ શુક્રવાર તા.૧૭ ફેબ્રુઆરીથી થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શુક્રવાર તા.૧૭ ફેબ્રુઆરી એ સવારે ૯ કલાકે ગાંધીનગરના ખોરજ ગામના તળાવને ઊંડુ કરવાની કામગીરીની શરૂઆત કરાવી આ સુજલામ સુફલામ જળ અભિયાનના ૬ઠ્ઠા ચરણનો આરંભ કરાવશે. જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા તથા રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ પણ આ અવસરે સહભાગી થશે. આ સુજલામ સુફલામ જળ અભિયાન તા.૧૭ ફેબ્રુઆરીથી તા.૩૧મી મે એટલે કે ૧૦૪ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં યોજાવાનું છે.

ગુજરાતમાં અનિયમીત તથા અસમાન વરસાદને કારણે ભૂર્ગભ જળ સ્તર નીચે ઉતરતા જવાથી તેમજ ક્ષારયુકત-ફલોરાઇડ વાળા પાણીથી ખેતી અને માનવજાતને થતા નુકશાનથી ઉગારવાના ઉપાય રૂપે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ જળ સંચય-જળ સંગ્રહ અભિયાન ૨૦૧૮ના વર્ષથી ઝૂંબેશ સ્વરૂપે શરૂ થયુ છે. રાજ્ય સરકારના જુદા જુદા ૬ વિભાગો એક સાથે મળીને આ અભિયાનના ઉદેશ્ય પૂર્ણ કરવા જળ સંચયને લગતા વિવિધ કામો લોકભાગીદારીથી કરે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને દિશાદર્શનમાં સતત બીજા વર્ષે આ રાજ્યવ્યાપી સુજલામ-સુફલામ જળ અભિયાન હાથ ધરાશે.

ગુજરાત હાઇકોર્ટના સૌથી વરિષ્ઠ જજ

સોનિયા ગોકાણીએ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય જજ તરીકે શપથ ગ્રહણ કર્યા

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સોનિયા ગોકાણીને હોદ્દાના શપથ લેવડાવ્યા, મુખ્યપ્રધાન સહિતના મહાનુભાવો શપથ સમારોહમાં હાજર રહ્યા

ગાંધીનગર, તા.૧૬

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે સોનિયાબેન ગોકાણીને ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધિપતિ તરીકે શપથ લેવડાવ્યા હતા. રાજભવનમાં આયોજિત શપથવિધિ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, ભારતની સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ બેલાબેન ત્રિવેદી અને રાજ્યના કાયદા-ન્યાય મંત્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મંચસ્થ મહાનુભાવોએ ઉચ્ચ ન્યાયાધિપતિ કુમારી સોનિયાબેન ગોકાણીને અભિનંદન પાઠવ્યા હતા.

જસ્ટિસ સોનિયાબેન ગોકાણી ગુજરાત હાઈકોર્ટના સૌથી વરિષ્ઠ જજ છે. તેમણી નિમણૂંક ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ કરવામાં આવી હતી અને ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ તેઓ નિવૃત થઈ રહ્યા છે. ત્યારે ભારત સરકારના કાયદા મંત્રાલય દ્વારા અધિકૃત રીતે ઓર્ડર જારી કરી ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે જસ્ટિસ સોનિયાબેન ગોકાણીની નિમણૂંક કરવામાં આવી છે.

જોકે, સોનિયાબેન ગોકાણી ૧૫ દિવસ સુધી ચીફ જસ્ટિસ તરીકે સેવા આપી શકશે કેમ કે, વય મર્યાદાના કારણે ૨૪ ફેબ્રુઆરીએ નિવૃત થઈ રહ્યા છે.

આરોગ્ય અંગે જાગૃતી કરવાનું લક્ષ્ય

અમદાવાદમાં ૧૯ ફેબ્રુઆરીએ ૨૧મી વાર્ષિક મોટીફ ચેરીટી વોક યોજાશે

સ્પર્ધામાંથી થનારી આવકથી ચાર એનજીઓને મદદ કરાશે

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરના સોશિયલ કેલેન્ડરમાં જેની ખૂબ જ રાહ જોવાય છે તે ૨૧મી વાર્ષિક મોટીફ ટીટેક (ટીટીઈસી) ચેરિટી વૉક આ વર્ષે ૧૯મી ફેબ્રુઆરીના રોજ યોજાશે. અગાઉની જેમ જ આ વૉક દ્વારા આરોગ્ય અંગે જાગૃતિ ઉભી કરવાની સાથે સાથે જાહેર જનતાની ભાગીદારીથી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ (એનજીઓ) માટે ભંડોળ ઉભુ કરવાનો છે. આ વૉક અમદાવાદમાં એલડી કોલેજ ઓફ એન્જીનિયરીંગ ખાતે તેમજ દુનિયાભરમાં વર્ચ્યુઅલી પણ યોજાશે. વર્ષ ૨૦૦૩માં આ ચેરિટી વૉક એક ફન એક્ટિવિટી તરીકે શરૂ કરાઈ હતી.વિતેલા ૨૦ વર્ષ દરમ્યાન આ વૉકમાં ૯૦,૩૦૦થી વધુ લોકો અને ૨૭૭ સ્પોન્સર્સ જોડાયા છે તથા ૬૬ સ્વૈચ્છિક સંસ્થાઓ (એનજીઓ) માટે રૂ.૯.૭૨ કરોડ એકત્ર કર્યા છે. બિજુ પિલ્લઈ, ઈન્ડિયા ટીટીસીના એક્ઝિક્યુટીવ ડિરેક્ટરે જમાવ્યું કે, અમે ૨૧મી વાર્ષિક મોટીફ ટીટેક ચેરિટી વૉકથી જાહેરાત કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ. અમારા કર્મચારીઓ, ગ્રાહકો, પ્રાયોજકો અને મોટા પાયે લોકો તરફથી અમને જે પ્રકારનું અને ઉદાર સમર્થન મળ્યું છે તેના કારણે અમેછેલ્લા ૨૦ વર્ષોમાં ૬૬ વિવિધ એનજીઓ માટે રૂ. ૯.૭૨ કરોડ એકત્ર કરવામાં સફળ થયા છીએ.

આ વર્ષે અમે ૪ એનજીઓ ને ઓળખી કાઢ્યા છે જેઓ વિવિધ કારણો માટે અસાધારણ કાર્ય કરી રહ્યા છે જેમ કે સમગ્ર ભારતમાં વંચિત સમુદાયના દર્દીઓ માટે કેન્સરની સંભાળ, દૂરના ગામડાઓમાં વંચિત બાળકો અને મહિલાઓ માટે તબીબી અને આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવી, નબળા બાળકોનું શિક્ષણ અને પુનર્વસન અને ઉચ્ચ શિક્ષણ સહાય અને મહિલાઓ માટે વ્યવસાયિક કૌશલ્યની તાલીમ આપવાનો સમાવેશ થાય છે. મોટીફ ટીટેક ચેરિટી વૉકની ૨૧મી એડીશનમાં ૪ કી.મી.ની વૉક અને ૭.૫ કી.મી.ની દોડનો સમાવેશ થશે. તેની શરૂઆત ૧૯ ફેબ્રુઆરી રવિવારના રોજ એલડી એન્જીનિયરીંગ કોલેજ ખાતે સવારના ૭-૦૦ કલાકે થશે. આ વૉકમાં સામેલ થવા ઈચ્છતા લોકો માટે ટાઉનસ્ક્રીપ્ટ ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે.

ઓછામાં ઓછી રજીસ્ટ્રેશન ફી રૂ.૩૦૦ રહેશે અને કંપની દરેક નોંધાયેલા સભ્યની ફી સામે રૂ.૩૦૦નો ઉમેરો કરશે. આ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓને કુલ રૂ.૪૦ લાખ જેટલી સીધી મદદ પહોંચાડવામાં આવશે.

રાજકોટ સીઆઈડીને મળી સફળતા

રાજકોટમાં ૬૦૦ કરોડનુ ફુલેકું ફેરવનાર આરોપીની ધરપકડ

વિશ્વામિત્ર ક્રેડિટ સોસાયટીમા રોકાણના નામે અંદાજીત ૧૫૦૦ લોકો પાસેથી રૂપિયા ૬૦૦ કરોડનુ ફુલેકું ફેરવ્યુ

રાજકોટ, તા.૧૬

રાજ્યના અંદાજીત ૧૫૦૦થી વધુ લોકોના કરોડો રૂપિયાનું ફુલેકુ ફેરવી નાસી ગયો હતો. રાજકોટના આ અકમ અંસારીની આજે સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી છે. માત્ર રાજકોટ જ નહીં પરંતુ રાજ્યભરમાં આ અકમ અંસારીએ રૂપિયા લીધા હતા. જેમ રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર સહિતના શહેરોમાં વિશ્વામિત્ર ક્રેડિટ સોસાયટીના નામે રૂપિયા ખંખેરવામાં આવ્યા હતા. જેમાં અંદાજી ૬૦૦ કરોડ રૂપિયા હોવાનું પ્રાથમિક વિગતમાં જાણવા મળ્યુ છે. આકર્ષક ગ્રાહકોને વ્યાજની લોભામણી જાહેરાતો આપી રૂપિયા પડાવી લેતો હતો અને ત્યારબાદ આવા ગ્રાહકો આ લાલચ-જાહેરાતના ચક્કરમાં આવી જતા હોય છે અને પોતાની આખી જીંદગીની જમા પુંજી આવા લેભાગુ તત્વોને આપી દેતા હોય છે. અને ત્યાર બાદ આવા લે ભાગુ તત્વો દ્વારા પહેલા તો લાલચ આપી હોવાથી પહેલા ઈન્સ્ટોલમેન્ટ આપે છે અને ત્યાર બાદ વધુ રકમ મળતા તમામ રોકડનું ફુલેકુ ફેરવી નાસી જતા હોય છે.

રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૧૮માં ક્રેડિટ સોસાયટી શરૂ કરવામાં આવી હતી. જેનું નામ વિશ્વા મિત્ર ક્રેડિટ સોસાયટીના નામે આ શરૂ કરવામાં આવ્યું હતુ. ત્યાર બાદ તમામ લોકો પાસેથી આ પેઢીના નામે રૂપિયા ઉઘરાવવામાં આવ્યા હતા. અને મોટી રકમ ભેગી થતાની સાથે પેઢી ખોલનારા તમામ રફૂચક્કર થઈ ગયા હતા. અને લોકોની મરણ મૂડીનું સત્યનાસ થયુ હતુ અને રોવાનો વારો આવ્યો હતો.

ગેરકાયદેસર બાંધકામ કરાયું હોઈ કાર્યવાહી થવાની હતી

નારણપુરામાં ૨૦૦ મકાનોની રોડ કપાત અંતે મોકૂફ રખાઈ

નારણપુરા ક્રોસિંગથી ગામ સુધીના ૧.૫ કિમીના રોડ કપાતને લઈ ફરી સ્થાનિક લોકોએ બેનર લગાવી વિરોધ કર્યો હતા

અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં રોડ કપાતને લઈને ભાજપના ગઢમાં જ ભાજપનો વિરોધ શરૂ થયો હતો. નારણપુરા ક્રોસિંગથી ગામ સુધીના ૧.૫ કિલોમીટરના રોડ કપાતને લઈ ફરી એકવાર સ્થાનિક લોકોએ બેનર લગાવી વિરોધ કર્યો હતો. લોકોના વિરોધ બાદ એએમસીની કપાતની કામગીરી આજે મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૦૦ મિલકતો આજે કપાત માટે કામગીરી હાથ ધરવાની હતી પરંતુ છેલ્લી ઘડીએ નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો છે.

નારણપુરામાં કપાતમાં જતી મિલકત પર બુલડોઝર ફરવાનું હતું તેના કારણે લોકો રોષે ભરાયા હતાં. પરંતુ આ નિર્ણય મોકૂફ રાખવામાં આવતા લોકોમાં હાશકારો દેખાયો છે. નારણપુરામાં દબાણ તોડવાની આજે કામગીરી હાથ ધરવામાં આવવાની હતી તે પહેલા સ્થાનિકો દ્વારા તેનો જોરશોરથી વિરોધ કરવામાં આવ્યો હતો. આ વિરોધ માટે મહિલાઓ પણ રસ્તા પર બેસી ગઈ હતી. આખરે નિર્ણયને આજે મોકૂફ રખાતા લોકો ખુશી વ્યક્ત કરી રહ્યા છે.ગેરકાયદેસર

રીતે બાંધકામ કરવામાં આવ્યું હોવાથી લોકોને પડતી અગવડને દૂર કરવા માટે ૨૦૦ જેટલા મકાનો પર બુલડોઝર ફરવાનું હતું જેને આજે અટકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્થાનિકોએ આગામી દિવસોમાં જો રોડ કપાત કરાશે તો સ્થાનિકો દ્વારા વિરોધ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. આ અંગે નારણપુરાના લોકોએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતાં કહ્યું હતું કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા આ વિસ્તારમાં રોડ કપાતનો મુદ્દો હતો અને સ્થાનિક લોકોએ ખૂબ મોટો વિરોધ કર્યો હતો.

ભાજપના નેતાઓએ અમને વિશ્વાસમાં લઈ અમે કામગીરી કરીશું એવી ખાતરી આપી હતી. પરંતુ હવે નિર્ણય મોકૂફ રખાતા લોકોમાં ખુશી જોવા મળી છે.

સુરતમાં ૬ ઘોડાનો ગ્લેન્ડર રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ

સુરત, તા.૧૬

સુરત શહેરમાં છ જેટલા અશ્વનો રિપોર્ટ ગ્લેન્ડર પોઝિટિવ આવતા તંત્ર દ્વારા તમામ છ અશ્વને ઈન્જેક્શન આપી દયામૃત્યુ આપવામાં આવી છે. હાલ તમામ છ અશ્વની દફનવિધિ પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે. અશ્વના સંપર્કમાં આવેલા લોકોના સેમ્પલ લેવાની તજવીજ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. જ્યાં સુરતના લાલ દરવાજા વિસ્તારના પાંચ કિલોમીટરની ત્રીજયામાં અશ્વ, ખચ્ચર અને ગધેડાની હેરાફેરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સુરત શહેરમાં હાલ અશ્વમાં જોવા મળેલા ગ્લેન્ડરના વાવરના પગલે જિલ્લા આરોગ્ય વિભાગ અને પાલિકા તંત્ર દોડતું થયું છે. શહેરના લાલ દરવાજા વિસ્તારમાં છ જેટલા અશ્વમાં ગ્લેન્ડરના શંકાસ્પદ લક્ષણો મળી આવ્યા હતા. ત્યારબાદ જિલ્લા આરોગ્ય વિભાગની પશુ-પાલન અધિકારીઓએ અશ્વોના સેમ્પલ લઈ તેને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા. ત્યારે અશ્વના સેમ્પલ પોઝિટિવ આવ્યા હતા.

ગ્લેન્ડર નામનો આ રોગ માનવજાત માટે પણ પ્રાણઘાતક હોય છે. તેથી જિલ્લા કલેકટરે દયામૃત્યુનો આદેશ આપ્યો હતો. જેને લઈને તંત્રએ પોઝિટિવ આવેલા તમામ છ અશ્વને દયામૃત્યુ આપી દફન કર્યા હતા.

ધારાસભ્ય હાર્દિક પટેલ સામે ધરપકડ વોરંટ ઈસ્યૂ

સુરેન્દ્રનગર, તા.૧૬

હાલ વિરમગામના ધારાસભ્ય અને પાટીદાર અનામત આંદોલનના મુખ્ય સૂત્રધાર હાર્દિક પટેલ વિરુદ્ધ ધ્રાંગધ્રા કોર્ટે ધરપકડ વોરંટ ઈસ્યૂ કર્યું છે. ધ્રાંગધ્રાના હરીપર ગામે પાટીદાર અનામત આંદોલન સમયે પાસની સભા દરમિયાન આચાર સંહિતાનો ભંગ થતા તાલુકા પોલીસ મથકે હાર્દિક પટેલ સામે કેસ દાખલ કર્યો હતો. ધ્રાંગધ્રા પ્રિન્સિપલ સિનિયર સિવિલ કોર્ટમાં કેસની મુદત દરમિયાન હાર્દિક પટેલ હાજર ન રહેતા કોર્ટે ધરપકડ અંગેનું વોરંટ ઈસ્યુ કર્યું છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ધ્રાંગધ્રા તાલુકાનાં હરિપર ગામે પાટીદાર અનામત આંદોલન સમયે પાસની સભા યોજાઈ હતી. આ સમયે હાર્દિક પટેલે આચાર સંહિતાનો ભંગ કરતા તાલુકા પોલીસ મથકમાં ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકમાં ધ્રાંગધ્રા પાસના પ્રમુખ કૌશીક પટેલ અને હાર્દિક પટેલ ઉપર કેસ નોંધાયો હતો. આ કેસ ધ્રાંગધ્રા પ્રિન્સિપલ સિનિયર સિવિલ કોર્ટમાં ચાલતો હતો. જેમાં મુદત દરમિયાન હાર્દિક પટેલ હાજર ન રહેતા કોર્ટે ધરપકડ અંગેનું વોરંટ ઈસ્યુ કર્યું છે. જોકે, હવે જોવાનું એ રહેશે કે, પોલીસ હાર્દિક પટેલની ધરપકડ કરે છે કે નહીં? નોંધનીય છે કે, ગુજરાત વિધાનસભા ચૂટંણી વખતે ચૂંટણી પંચને આપેલા સોગંદનામામાં હાર્દિક પટેલ વિશે કેટલીક માહિતી સામે આવી હતી. જેમાં હાર્દિક પટેલ સામે રાજદ્રોહના બે કેસ સહિત ૨૦ કેસ નોંધાયેલા છે.

ભારતના સૌ પ્રથમ સ્થાનિક AI આધારીત સ્ટ્રોક કેર નેટવર્કની સ્થાપના કરાઈ

અમદાવાદ, ૧૬

ઝાયડસ હોસ્પિટલ્સ (અમદાવાદ) અને મેડટ્રોનિક plc (NYSE: MDT) ની માલિકીની સબસિડિયરી કંપની, ઈન્ડિયા મેડટ્રોનિક પ્રાઈવેટ લિમિટેડ દ્વારા નવી ભાગીદારી જાહેર કરાઈ જેના અંતર્ગત હબ-એન્ડ-સ્પોક નેટવર્ક બનાવીને આજે ગુજરાતમાં સ્ટ્રોકના દર્દીઓને મદદ આપવા માટે કામગીરી કરાશે. આ ભાગીદારીના ભાગ રૂપે, મેડટ્રોનિક એઆઈ-સક્ષમ ટેક્નોલોજીના ઉપયોગ કરીને અને સિલેક્ટ કરવામાં આવેલ હોસ્પિટલોમાં શિક્ષણ અને તાલીમને સમર્થન આપવા માટે સાધનો અને તકનીકો પ્રદાન કરીને ઈકોસિસ્ટમ બનાવવા માટે ઝાયડસ હોસ્પિટલ્સ સાથે સહયોગ કરશે.

ભારતમાં, દર વર્ષે લગભગ ૧૮ લાખ જેટલા દર્દીઓ સ્ટ્રોકનો ભોગ બને છે. યોગ્ય હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા મોટા શહેરોમાં, દર્દીઓને વધુ સચોટ નિદાન તેમજ જરૂરી સારવાર મળી શકે છે. જો કે ગ્રામીણ વિસ્તારોમાં આ ક્ષેત્રે આ પ્રકારની સેવાઓ મેળવવી પડકારરૂપ હોય છે. આ ભાગીદારી દ્વારા ગુજરાતભરના દર્દીઓને સ્ટ્રોકનો સામનો અસરકારક રીતે કરવામાં મદદરૂપ સાબિત થશે. હબ-એન્ડ-સ્પોક સિસ્ટમ એક અદ્યતન એઆઈ દ્વારા કામ કરે છે જે સ્ટ્રોકના CT સ્કેનનું બારીકાઈથી અધ્યયન કરી શકે છે. ઝાયડસના સ્ટ્રોક નિષ્ણાતોની એક ટીમ જે તે હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલ ઝ સ્કેનનું નિરીક્ષણ કરશે અને સ્થાનિક ફિઝિશિયનને આગળની સારવાર કરવા માટે શરૂઆતથી અંત સુધીનું માર્ગદર્શન પૂરું પાડશે. આ રીતે સ્થાનિક સ્ટ્રોક સેન્ટરના ફિઝિશિયનો દર્દીની જરૂરિયાતો પ્રમાણે આગળની સારવારના પગલાં નક્કી કરવા માટે સશક્ત બનશે અને આ રીતે, દર્દીને સમયસર યોગ્ય સારવાર મળી શકશે.

ઝાયડસ હોસ્પિટલ્સના સિનિયર એન્ડોક્રાઈનોલોજીસ્ટ અને મેટાબોલિક ફિઝિશિયન તેમજ માર્ગદર્શક, ડૉ. વી. એન. શાહ દર્દી-કેન્દ્રિત અભિગમ અપનાવવા પર ભાર આપતા કહે છે. "મેડિસિન ક્ષેત્ર દર્દીની આસપાસ બનેલું છે. આ અભિગમ આપણને સતત રચનાત્મક રહેવાના પથ પર લઈ જશે. ભારત જેવા દેશોમાં સ્ટ્રોક વિકલાંગતા ફેલાવનાર મુખ્ય રોગો માંથી એક છે. કોઈ પણ જાતના રોગની સારવાર હંમેશા તેના ઝડપી અને સચોટ નિદાનથી થાય છે. ગ્રામીણ સ્ટ્રોક સેન્ટરો દર્દીઓનું આયુષ્ય લાંબું અને વધુ ગુણવત્તાસભર કરવામાં ચોક્સપણે મદદરૂપ થશે."

મેડટ્રોનિક ઈન્ડિયાના ઉપ-પ્રમુખ માઈકલ બ્લેકવેલનું કહેવું છે કે, "મેડટ્રોનિક પર અમે વિવિધ પ્રકારની ટેક્નોલોજીનો ઝડપથી વિકાસ કરવાના પ્રયત્નો કરી રહ્યા છીએ જેથી દર્દીઓ કોઈ પણ રોગચાળા માંથી બહાર આવી પોતાનું જીવન પહેલાની જેમ જ વિતાવી શકે. અમે દેશભરમાં સતત વિવિધ હોસ્પિટલો સાથે ભાગીદારી કરી ભારતમાં સ્ટ્રોકના દર્દીઓની સંભાળમાં ક્રાંતિ લાવવાના હેતુને આગળ લઈ જઈએ છીએ. આ ભાગીદારીઓ દ્વારા સાથે મળીને, અમે હેલ્થકેર ક્ષેત્રે સ્થાનિક સાર-સાંભળના અવરોધોને દૂર કરવા માટે ટેકનોલોજીને એકીકૃત કરવામાં સક્ષમ છીએ.''

૩૮ ડીગ્રી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનતો જોવા મળ્યો છે. શહેરીજનોમાં ઠંડીના વળતા દિવસો વચ્ચે શરૂઆતથી જ ગરમીનુ જોર વધુ રહેતા આ વર્ષે ઉનાળો વધુ આકરો પુરવાર થશે તેની ચર્ચાએ પણ જોર પકડયુ છે. શહેરમાં શિયાળાના દિવસામાં ઠંડીએ પણ ધ્રુજારી લાવી દીધી હતી. સુસવાટા મારતા બર્ફિલા પવન સાથે કાતિલ ઠંડી અનુભવતા નગરજનો ઠંડીથી થીજી ગયા હતા. જાન્યુઆરી મહીનામાં ઠંડીનુ જોર વધુ રહ્યુ હતુ.

સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી પણ ૫ ડીગ્રી નોંધાઈ હતી પરંતુ ઠંડીની સાથે રોજબરોજ પવનનુ જોર વધુ રહેતા નગરજનો ઠુંઠવાયા હતા. જયારે હાલ પણ વળતા શિયાળે એકબાજુ ગરમીનુ જોર વધી રહ્યુ છે. ત્યારે સવારે અને મોડી રાત્રે ઠંડી અસહ્ય હોવાનો અહેસાસ પણ કરી રહ્યા છે. બેવડી ઋતુથી નગરજનો પ્રભાવિત છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં શરદી , ઉધરસ અને તાવના દર્દીઓમાં પણ વધારો થયો છે. હજુ ગરમીની સિઝન શરૂ પણ નથી થઈ ત્યાં મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રી સુધી પહોંચી જતા શિવરાત્રી પહેલા જ ધગધગતા ઉનાળાનુ આગમન થઈ ગયુ હોવાના અહેસાસ કરતા નગરજનોમાં મોસમનો આ વિચિત્ર મિજાજ પણ મુખ્ય ચર્ચાનો વિષય છે.

ટાઉનહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નો એસી પ્લાન્ટ અને સ્ટેજ ના નવીકરણનું કામ હાથ ધરાયું છે સૂત્રોના જણાવ્યા મુજબ હજુ પણ ટાઉનહોલનું કામ પૂર્ણ થતાં બે મહિના જેટલો સમય લાગશે જેથી કલાકારો અને સાંસ્કૃતિક સંસ્થાઓ ની મૂંઝવણ વધી છે ટાઉનહોલના કામમાં વધુ ઝડપ આવે તેવી લાગણી અને માગણી પણ પ્રબળ બની છે

સે-૧૬

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાંકડા સર્વિસ રોડ પર રોજબરોજ માર્ગ વચાળે જ વાહનો ખડકાયેલા જોવા મળે છે. આવા સંજોગોમાં વચ્ચે મુલાકાતીઓ માટે પણ આજા ફસાજા જેવી સ્થિતિ સર્જાય છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આ ઠેકાણે પાર્કીંગ પ્લેસ તૈયાર કરાયા બાદ એક દાયકાના અંતે ડિઝાઈનમાં પણ ફેરફાર કરવામાં આવ્યો હતો પરંતુ પુરતી જગ્યા અને વધતા દબાણોના લીધે પાર્કીંગની સમસ્યા હજુ હલ થતી નથી શહેરના મુખ્યમાર્ગો સિવાયના તમામ માર્ગોની જાળવણીનુ કામ હવે કોર્પોરેશન સંભાળે છે. ત્યારે સેકટરોના કોર્મશિયલ વિસ્તારમાં અસરકારક પાર્કીંગ વ્યવસ્થા જળવાય તે માટે તાત્કાલિક અસરથી આયોજન કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

ટેસ્ટ મેચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાસેથી પરવાનગી લીધી છે. ભારતીય ટીમ પાંચ વર્ષના લાંબા ગાળા બાદ દિલ્હીમાં ટેસ્ટ મેચ રમશે.

ભૂતપૂર્વ ભારતીય સુકાની તેના પરિવાર સાથે શક્ય તેટલો વધુ સમય પસાર કરવા માંગતો હતો અને તેથી તેણે ઓછામાં ઓછા બે દિવસ ટીમના સભ્યો સાથે ન રહેવાનું નક્કી કર્યું. કોહલી દિલ્હીમાં પોતાનો સમય માણી રહ્યો છે અને તાજેતરમાં જ તે લોંગ ડ્રાઈવ પર પણ ગયો હતો.

ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ પહેલા મુખ્ય કોચ રાહુલ દ્રવિડની મદદથી વિશેષ તાલીમ લીધી હતી. નાગપુરમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં કોહલીએ સ્લિપમાં કેટલાક કેચ છોડ્યા હતા. ત્યારબાદ કોહલીએ દ્રવિડની મદદથી સ્લિપમાં પોતાની ફિલ્ડિંગ શૈલીમાં સુધારો કર્યો. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય ટીમે શ્રેણીમાં ૧-૦ની લીડ જાળવી રાખી છે અને તેના પ્રયાસો શ્રેણીમાં ૨-૦થી લીડ બનાવવાના છે.

હસ્તાક્ષર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમારા માટે આનંદની વાત છે. વિદેશ મંત્રીએ કહ્યું કે, ફિજીના શેરડી ઉદ્યોગમાં પણ ભારતે ઘણી મદદ કરી છે. તેની સાથે જ, ભારત પુનઃપ્રાપ્ય ઉર્જા અને નાના અને મધ્યમ ઉદ્યોગોને આઈટીસપોર્ટ આપવાનું પણ તૈયારી કરી રહી છે. ફિજી કુદરતી આફતોનો ભોગ બને છે અને ભારત તેના મુશ્કેલ સમયમાં હંમેશા ફિજીની સાથે ઊભું રહ્યું છે. ભારતે કોરોના જેવા સમયમાં ફિજીને મદદ કરી અને વેક્સીન ફ્રેન્ડશીપ હેઠળ ફિજીમાં એક લાખ રસીના ડોઝ મોકલવામાં આવ્યા હતો.

ફિજીના વડા પ્રધાન કહ્યું કે, હું ફિજીમાં સરકારની ૧૨મી વિશ્વ હિન્દી પરિષદની સહ યજમાની કરવા બદલ વડા પ્રધાન મોદી અને ભારતની પ્રશંસા કરું છું. એ કહેતા આનંદ થાય છે કે, ભારત હંમેશા ફિજીનો ખાસ મિત્ર અને ભરોસાપાત્ર ભાગીદાર દેશ રહ્યો છે, સાથે જ મળીને એક મજબૂત ભાગીદારી વિકસાવી છે જે રાષ્ટ્ર નિર્માણના તમામ ક્ષેત્રોને આવરી લે છે. જરૂરિયાતના સમયે ભારત હંમેશા પડખે ઊભું રહ્યું છે. અમે ભાગ્યશાળી છીએ કે, ભારતે કોરોના રોગચાળાના સંકટ દરમિયાન અમને રસી બનાવવામાં મદદ કરી છે.

ભારત અને ફિજી વચ્ચે વિઝા મુક્તિ કરાર પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. જે અંતર્ગત બંને દેશોના એવા નાગરિકોને વિઝા મેળવવામાંથી મુક્તિ આપવામાં આવશે, જેમની પાસે રાજદ્વારી અને કામ સંબંધિત પાસપોર્ટ છે. તેનાથી ફિજી જનારા ભારતીયોની સંખ્યામાં વધારો થઈ શકે છે.

ભીડભાડવાળુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રિજ્યા સાથેનો શહેરી વિસ્તાર છે, જેમાં શહેરના સૌથી વ્યસ્ત ભાગોનો સમાવેશ થાય છે. જ્યારે, મેટ્રો વિસ્તારમાં સમગ્ર પ્રદેશનો ટ્રાફિક જોવા મળે છે. જેમાં શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૦૨૨માં બેંગલુરુમાં મુસાફરી કરવાનો સૌથી ખરાબ દિવસ ૨૫ ઓક્ટોબર હતો. તે દરમિયાન ૧૦ કિમીનું અંતર કાપવામાં સરેરાશ ૩૩ મિનિટ અને ૫૦ સેકન્ડનો સમય લાગ્યો હતો.